Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582–046X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

# ગુજરાતની સંસ્કૃતિ અને પરંપરામાં જળસ્થાપત્યો નું મહત્વ

કૌશિકકુમાર જગદીશકુમાર સેનમા
રિસર્ચ સ્કોલર
હેમ.ઉ.ગુ.યુનિ.પાટણ

**પ્રસ્તાવના**

"નિર્જળ ગામ નવાણ ગળાવો
વાવ નદી તળાવો શોધી,
જુના હરિ  અર્ધ સુધારો એ
દાન ના ધણી ધર્મ તમારો"

મનુષ્ય આદિ સમયથી કુદરતના સાનિધ્ય અને કુદરતી આપેલી અમૂલ્ય ભેટો નો ઉપયોગ કરતો આવ્યો છે. સિંધુ સંસ્કૃતિમાં માનવી વૃક્ષ , પ્રાણીની પૂજા કરતો આવ્યો છે. વૈદિક સંસ્કૃતિમાં વરસાદ માટે પૂજા કરતો આવ્યો છે. માનવજીવનને કુદરત તરફથી મળેલી અમૂલ્ય ભેંટ એટલે અંબુ, જળ, પાણી...અને આ પાણી જીવનને જીવંત રાખે છે માટે આપણે તેની જળદેવતા તરીકે પૂજા કરતો આવ્યો છે . ગંગા, જમુના, સરસ્વતી, મહી મેશ્વા, વાત્રક, ભાદર, નર્મદા જેવી નદીઓ માનવજીવનને એક નાના બાળકની જેમ સાચવે છે. આથી જ નદીઓને આપણે લોકમાતા તરીકે પૂજનીય ગણીએ છીએ. એવીજ રીતે માનવજીવન ના કલ્યાણ માટે વાવ,તળાવ,કુવા નહેરો વગેરે અન્ય જળાશયો બંધાવનાર કે બાંધનાર આપણી સંસ્કૃતિમાં પુણ્ય આત્મા તરીકે સન્માન આપવામાં આવે છે. નિર્જન વગડો કે રણ માં જતહોઇયે ત્યારે આપણને એક ખોબા જેટલું પાણી પણ અમૃત સમાન લાગે છે. ધરતી ઉપર વરસાદી પાણી પડતાં કણમાંથી અનાજ પકવવાની શક્તિ રહેલી છે નિર્જન ભૂમિ ને લીલીછમ કરી શકે છે. પાણીના અસંખ્ય ઉપકાર આપણી ઉપર રહેલા છે. સમુદ્રકિનારે વિકાસ પામેલી સંસ્કૃતિને સાગર સંસ્કૃતિ કહેવામાં આવે છે. અને એવી પરંપરા અસ્તિત્વમાં આવી કે દરિયાને આપણે દેવ તરીકેની માન્યતા અસ્તિત્વમાં આવી છે આમ પાણી નાં મહત્વ આપવા માટે માનવે સ્થાપત્યો અને શિલ્પો ની રચના કરી છે. દોઢસો વર્ષ પૂર્વે વાવ, કુવા, કુંડનું સ્થાપત્ય બંધાવ્યા છે. જેનાથી એક નવી પરંપરા નો વિકાસ થયો છે જેમ સંસ્કૃતિ માં મંદિરો, શિલાલેખો અને સ્થંભો નું મહત્વ છે તેમ વાવ, તળાવ ,કુંડ, કુવા વગેરેનું અનેરું મહત્વ રહેલુ છે.

**વાવ**

સમગ્ર વિશ્વ માં સ્થાપત્ય પ્રેમીઓમાં ભારતના શિલ્પ સ્થાપત્ય વિશે ખુબજ લગાવ અને આકર્ષણ જોવા મળે છે. એમાં ખાસ કરીને જળસ્થાપત્ય ખુબ મહત્વ નું આકર્ષણ બન્યા છે.ગુજરાતમાં

આવા જળ સ્થાપત્યો માં વાવ એક અગત્યનું સ્થાપત્ય છે. હજારોની સંખ્યા માં લોકો નિહાળવા આવે છે.

પ્રાચીનકાળમાં રાજા , રાજાના કુટુંબીજનો, વેપારીયો, સુખી ગૃહસ્થો અને શ્રેષ્ઠીઓ જળાશયો, વાવ અને કુંડ બંધાવતા હતા. આવી વાવને ચાર પ્રકારે બંધાવી સકતી હતી. **૧) નંદા એકમુખ અને ત્રણ કુટ ૨)જયા જે ત્રણ મુખ અને નવ કુટ ૩) ભદ્રા જે બે મુખ અને નવ કુટ ૪) વિજયા જે ચાર મુખ અને નવ કુટ જેને સૂર્યકુટા પણ કહેવાય છે.** વાવ ઓછા વિસ્તારમાં બાંધી શકાતી હોવાથી ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં વાવનું પ્રમાણ વધારે જોવા મળે છે. વાવ બંધાવા પાછળનો ઉદેશ્ય જળદાનનો છે. જળ સર્વે જીવોને તૃપ્ત કરનારું હોવાથી સર્વે દાનોમાં તેને ઉત્તમ ગણવામાં આવેલું છે. આદુનિક સમયમાં પણ મનુષ્ય પોતાની પરંપરા જાળવી રાખી છે અને વાવ,કુવા કે કુંડ નથી બનતા પણ ઠેરઠેર પાણી પરબો અસ્તિત્વમાં આવી છે જે પરંપરાનું જ એક ઉદાહરણ છે. બળબળતા બપોરે તરસ્યો વટેમાર્ગુ વાવનું પાણી પીને વાવનું નિર્માણ કરનારને અંતરના આશિષ આપે છે, માટે જળદાનનું મહત્વ અશ્વમેધ યજ્ઞ જેટલું ગણાવાયું છે. આવી રીતે યશ-કિર્તી અને પુણ્ય મેળવવાની પરંપરા આપણે ત્યાં વર્ષોથી ચાલી આવે છે.

પ્રસિદ્ધ ઇતિહાસવિદ્ર ડો. હરીપ્રસાદ શાસ્ત્રીએ નોંધ કરી છે કે, ગુજરાતમાં અગાઉ ઠેકઠેકાણે વાવ બાંધવામાં આવતી હતી. ગુજરાતના અભિલેખોમાં **વાપી** અર્થાત વાવનો ઉલ્લેખ મહાક્ષત્રપ રુદ્રદામાના પુત્ર રુદ્રસિંહ(પ્રથમ)ના સમયમાં શક વર્ષ ૧૦૩(ઇ.સ. ૧૮૧)ના ગુંદા શિલાલેખોમાં જોવા મળે છે. વલ્લભીના મૈત્ર વંશના રાજાઓએ આપેલા ભૂમિદાનોને લગતાં તામ્રપત્રો (ઇ.સ. ૫૦૨ થી ૭૬૬)માં અનેક વાવોનો ઉલ્લેખ આવે છે. સોલંકી વંશ(ઇ.સ. ૯૪૨ થી ૧૨૪૪)ના ગાળામાં ગુજરાતમાં અનેક સુંદર તળાવોનું સર્જન થયું હતું. એ સમયમાં વાવો પણ બાંધવામાં આવેલી હતી પણ તેનો ઉલ્લેખ ઉપલબ્ધ નથી.એ સમયગાળામાં મહારાજા ભીમદેવની રાણી ઉદયમતીએ બંધાવેલી રાણકી વાવનું શિલ્પ સ્થાપત્ય નોંધપાત્ર છે. ગુજરાતની યાત્રાએ આવેલા પર્યટકો રાણકી વાવ અને અડાલજની વાવની મુલાકાત અવશ્ય લે છે.

નડિયાદના ડુમરાલની ભાગોળે સિદ્ધરાજ જયસિંહની માતા મિનળદેવીએ સવંત ૧૧૫૨ના વૈશાખ સુદ ત્રીજના દિવસે એક વાવ બંધાવી હોવાનો શિલાલેખ હતો જે આજે ઉપલબ્ધ નથી. ઉમરેઠની ભદ્રકાલી વાવ પણ સંવત ૧૧૧૨માં મિનળદેવીએ બંધાવી હોવાનું ગણાય છે. વાઘેલાકાળ(ઇ.સ. ૧૨૪૪ થી ૧૩૦૪)માં વાવોનો ઉલ્લેખ જૂજ છે. વઢવાણ પાસે આવેલી ખેરાળાની વાવ પરમાર રાજા જગદેવના મંત્રી કરણે સંવત ૧૩૧૯માં બંધાવી હતી. વઢવાણની જ માધાવાવ વાઘેલા કર્ણદેવના મહાઅમાત્ય માધવે પોતાના પિતાના સ્મરણાર્થે સંવત ૧૩૫૦માં બંધાવી હતી.

ગુજરાતમાં રાણકીવાવ અને અડાલજની વાવ પ્રખ્યાત છે. અડાલજની વાવના શિલાલેખ ઉપરથી કહી શકાય છે કે, આ વાવ વાઘેલા રાજા મોકલસિંહના વંશજ વીરસિંહની રાણી રુડાદેવીએ સંવત ૧૩૫૫માં પાંચ લાખ ટકા(રૂપિયા૩૧,૬૬,૭૦૦)ના ખર્ચે બંધાવી હતી. આ વાવ જયા પ્રકારની છે. આ વાવમાં ઝરુખા, ગોખ, સ્તંભ વગેરેમાં કંડારેલું શિલ્પ અનન્ય છે. આ વાવ અમદાવાદ પાસે અડાલજમાં આવેલી છે. રાણકીવાવ પાટણમાં આવેલી છે. રાણકી વાવનું બાંધકામ પૂર્વ- પશ્ચિમ થયેલું છે. વાવનું પ્રવેશદ્વાર પૂર્વ તરફ અને કુંડ(કુવો) પશ્ચિમ તરફ આવેલો છે. વાવના જે પ્રકારો પુરાણોમાં વર્ણવેલા છે એમાંથી આ રાણકી વાવ 'નંદા' પ્રકારની ગણાય છે. પાટણની રાણકી વાવ એટલે ૧૧મી સદીના ગુજરાતના લોકજીવન, ઉચ્ચત્તમ કલા, સંસ્કારો અને સૌદર્ય તથા નિષ્ઠાવાન કારીગરોની મહેનતનું ઉત્કૃષ્ટ ઉદાહરણ! અહી પથ્થરોમાં જાણે કવિતા કંડારેલી છે! આ વાવ કલારસિકો અને સૌંદર્યના જિજ્ઞાસુઓ માટે એક નયનરમ્ય કલાધામ છે. આ વાવના શિલ્પોમાં ચૈતન્યનો ધબકાર છે. આ વાવની વિપુલ શિલ્પ સમૃદ્ધિમાં શૈવ અને વૈષ્ણવ શકિત સંપ્રદાયને લગતાં શિલ્પો જોવા મળે છે. આ વાવની ખૂબી એ છે કે, તેને વાસ્તુશાસ્ત્રના બધા જ નિયમોને આધિન રહીને બનાવવામાં આવેલી છે. બાંધકામની વાત લઇએ તો વર્ષ ૨૦૦૧માં આવેલા ભયાનક ભૂકંપ સમયે આ વાવની એક કાંકરી પણ ખરી ન હતી. ઇતિહાસ બની ચૂકેલી આવી વાવો આજે અમદાવાદ, કપડવંજ, પેટલાદ, મહુવા, માંગરોળ, ધોળકા, ખંભાત જેવા વિસ્તારોમાં જોવા મળે છે. જુનાગઢની અડીકડી વાવ પણ પ્રખ્યાત છે.
વાવની સાથે લોકમાતાનો સંબંધ પણ જોડાયેલો છે. વાવના ગોખમાં દેવી-દેવતાઓની મુર્તિઓ જોવા મળે છે જે જળરક્ષક તરીકે પુજાય છે. સૌરાષ્ટ્રમાં ભાવનગર જિલ્લામાં દડવા ગામના પાદરમાં આવેલી વાવમાં સૂર્યપુત્રી, પુત્રદાતી રાંદલમાતાનું સ્થાનક આવેલું છે. વાંઝીયા મહેણા ભાંગવા અને બાધા-માનતાવાળા અનેક ગ્રામજનો આ વાવની મુલાકાતે આવે છે. ગુજરાતની વાવોની સાથે પ્રણય-બલિદાનની કથાઓ સંકળાયેલી છે. સૌરાષ્ટ્રની વણઝારી વાવ સાથે લાખા વણઝારાની પુત્રી અને કણબી પુત્રના પ્રણયની અને વઢવાણની માધાવાવ સાથે અભેસિંહ અને વાઘેલા વહુના બલિદાનની ગાથા જોડાયેલી છે. કેટલીક અવાવરું વાવ સાથે ભૂત-પ્રેતની કલ્પનાઓ જોડાયેલી છે.

**કુવા અને કુંડ :**

ગુજરાતમાં જળવ્યવસ્થામા કુવો અગત્યનો સ્ત્રોત છે પ્રાચીન સંસ્કૃતિનાં કેન્દ્રમાં લોથલ માંથી પાકી ઇંટો નો બનેલો કુવો મળી આવ્યો છે. તેના પરથી પ્રાચીન સમયમ કુવા બાંધકામ વિશે માહિતી મળે છે. શિલ્પ સ્થાપત્ય વાસ્તુવિદ્યા ના ગ્રંથો અને અપરાજિતપૃચ્છા ગ્રંથના ૩૪માં અધ્યાયમાં ઉત્તમ પ્રકારના શાસ્ત્રોકત કુવાના દસ નામો વાંચવા મળે છે. ચાર હાથના

વ્યાસવાળો કુવો શ્રીમુખ, પાંચ હાથનો વિજય છ હાથનો પ્રાંત, સાત હાથનો દુદંભી, આઠ હાથનો મનોહર, નવ હાથનો ચુડામણી, દસ હાથનો દિગ્ભદ્ર, અગિયાર હાથનો જવ, બાર હાથનો મંદ અને તેર હાથના વ્યાસવાળો કુવો શંકરના નામે ઓળખાય છે. કુવા શબ્દ નો ઉદભવ કૂપ શબ્દ માંથી થયેલો છે કૂપ એટલે મોટો કુવો કુપીકા એટલે નાનો કુવો કહેવામાં આવે છે આવા કુવાઓમાં જુનાગઢમાં ઉપરકોટ કિલ્લામાં આવેલો નવઘણ કુવો, મહેમદાવાદમાં મહમદ બેગડાએ બનાવેલો ભમ્મરિયો કુવો, વાસદ પાસેનો ફેર કુવો, ઓલપાડ પાસેનો કુવો, મહેસાણાના ગુંજા ગામ પાસેનો ઇટરી કુવો, આણંદ તાલુકાના ભારેકિયા ગામનો ખરેરિયો કુવો, વણતોલ ગામનો અરણિયો કુવો અને સિદ્ધપુર તાલુકાના બટેશ્વર તીર્થ પાસેનો ગંગવો કુવો ખૂબ જ પ્રખ્યાત છે. ઇતિહાસ, પુરાત્વ અને શિલ્પ સ્થાપત્યના દ્રષ્ટિકોણથી અનન્ય સ્થાન ધરાવતાં વાવ, કુવાઓની સંખ્યા ગુજરાતમાં આશરે ૨૫૦ છે અને મોટાભાગના બિસ્માર હાલતમાં છે.

ગુજરાતમાં કુવાની સાથે સાથે કલાત્મક કુંડ નું પણ નિર્માણ કરવામાં આવતું હતું અને તળાવ કુવા અને વાવ ની જેમ આપણ દુષ્કાળ ની પરિસ્થિતિ ને નાથવા માટે આવા લોક કલ્યાણ માટે આવા જળકુંડો નું નિર્માણ થયેલું છે ખાસ કરીને વડનગર માં આવેલો ગૌરીકુંડ, ગાંધીનગરના આખજ માં આવેલો શક્તિ કુંડ, શંખેશ્વર માં આવેલો લોટેશ્વર કુંડ મહીસાગર જીલ્લામાં આવેલો હિડિમ્બા કુંડ ઇડરમાં આવેલો સાબલીનો ઝરુખાનો કુંડ, ઇડર તાલુકાના દાવડ ગામે આવેલ સપ્તેશ્વર મહાદેવ કુંડ વગેરે કુંડ કલાત્મક અને સંસ્કૃતિ શિલ્પ સ્થાપત્ય ની દ્રષ્ટી એ ઉત્તમ છે. કુંડના ગવાક્ષોમાં જોવા મળતા વિવિધ શિલ્પો અને સ્થાપત્ય કળા રસિકો માટે એક તીર્થ સમાન છે વિદ્યમાન શિલ્પોમાં ગણેશના વિવિધ રૂપો ભગવાન શિવ, વિષ્ણુ,ઇન્દ્ર બ્રહ્મા ,કાર્તિકેય,શીતળા , ભૈરવ વગેરે શિલ્પો કલાના ઉતમ નમૂનાઓ અને પ્રવર્તમાન ધર્મિક પરંપરા અને સંસ્કૃતિ ની ઝાંખી કરાવે છે.

**તળાવ**

ગાંધી પ્રતિષ્ઠાન નવી દિલ્હી તરફથી આજ ભી ખરે હૈ તાલાબ સચિત્ર અભ્યાસી ગ્રંથ(અનુપમ મિશ્રા)ભારતીય તળાવ સંસ્કૃતિનું મહત્વ સમજાવે છે. ભારતવર્ષમાં અગાઉના સમયમાં કોઇ ગામ નદી, તળાવ વગરનું ન હતું. સૌરાષ્ટ્રમાં ૨૦,૦૦૦, કચ્છમાં ૬૫૦, ઉત્તર ગુજરાતમાં ૨૫૦૦ અને મધ્ય ગુજરાતના ૯૦૦ જેટલા ગામોમાં તળાવો આવેલા છે. જાળવણીના અભાવે આ તળાવો માટી-કાંપથી પૂરાતા જાય છે. ગુજરાતના જાણીતા તળાવોની યાદી જોઇએ તો કડીનું થોર, ધોળકાનું મલાવ, વિરમગામનું મુનસર, સિદ્ધપુરનું બિંદુ, ગોધરાનું રામસાગર, હાલોલનું યમુના, દાહોદનું છાબ, ભાવનગરનું બોર, આજવાનું સયાજી, વડોદરાનું સુરસાગર, ડાકોરનું ગોમતી, રાજકોટનું લાલપરી, જામનગરનું લાખોટા(રણમલ) અને ભુજનું હમીરસર, વડનગર નું શર્મીસ્ટા તળાવ વિસનગરનું પીંડારિયા તળાવ વિસનગર નું દેડીયું

તળાવ,ડભોઇ માં આવેલું તેન તળાવ જેવા તળાવો આજે પણ જળસંસ્કૃતિની ધરોહર સાચવી રહ્યા છે. કેટલાક તળાવોનું પાણી આજે પણ પીવાના પાણી તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. તળાવોનું સાંસ્કૃતિક મહત્વ છે.

અષાઢ મહિનાના પહેલા દિવસથી ભાદરવાના છેલ્લા દિવસ સુધીમાં દેશભરના ૧૧ થી ૧૨ લાખ પહેલાના જમાનામાં જેટલા તળાવો વરસાદી પાણીથી ભરાઇ જતાં હતાં અને આખુ વર્ષ પાણીની જરૂરિયાત પૂરી પાડતાં હતા. આ તળાવો ગળાવવા, દર વર્ષે તેમાંથી કાંપ-ગાળ કાઢી સફાઇ કરવી, તેની સાર સંભાળ રાખવી જેવી પ્રવૃતિઓ કરવામાં આવતી હતી. આવા કાર્યો કરનારાઓની સમાજમાં કિર્તી વધતી.

તળાવો સાથે અનેક ઐતિહાસિક કથાઓ જોડાયેલી છે. ધોળકા નું માલવ તળાવ મીનળદેવી સાથે સંકળાયેલું છે અને ન્યાય ના તળાવ તરીકે ઓળખાય છે. જ્યારે પાટણ માં આવેલું સહસ્ત્રલિંગ તળાવ ઓડ જ્ઞાતિ ની જસમા ઓડણ સાથે અને પાણી માટે પોતાનું બલિદાન આપનાર વીર મેઘમાય સાથે જોડાયેલી છે. સહસ્ત્રલિંગ તળાવ ની ચારે બાજુ એક હજાર શિવલિંગ આવેલા હતા. સંસ્કૃતિ અને અસ્થા નું એક ઉચ્ચ પ્રતિક સમાન હતું. હરીધર કડિયા દ્વાર પોતાની પ્રેમિકાની યાદમાં તેન તળાવ નું નિર્માણ કરાવ્યું જે ઐતિહાસિક ખ્યાતી પામ્યું છે

**સમાપન .**

ગુજરાતમાં આવા અનેક પ્રકારના જલસ્થાપત્યો આવેલા છે ઘણા ઈતિહાસ ના પાને ચડ્યા છે તો અનેક ઈતિહાસ થી ઘણા દુર છે વિલુપ્ત છે પરંતુ આવા જળ સ્થાપત્યો દ્વારા જળ નો સંગ્રહ થયા છે. જળ નો સંગ્રહ થવાના કારણે દુષ્કાળ ની પરિસ્થિતિમાંથી માનવજીવન ને બચાવી શકાયું છે અને સાથે વિકાસ પણ ખુબ ઝડપી બન્યો છે. ગુજરાતનું જળ સ્થાપત્ય વિકાસ માં આગવી ભુમિક નિભાવી રહ્યું છે. ગુજરાતનું જળ સ્થાપત્ય વિવિધ શૈલીથી ભરેલું છે. આદિ કાળથી જળ સ્થાપત્યોમાં પરિવર્તન આવતું રહ્યું છે

ગુજરાતમાં પ્રાચીનકાળમાં જળસંચયની બાબતમાં સિંધુ સભ્યતામાં અનેક નગર વિસ્તારમાંથી વિવિધ જળ સ્થાપત્યો પ્રાપ્ત થયા છે.તેની પ્રચીનતા પુરવાર કરે છે ઐતિહાસિક મુજબ પ્રાચીન સમયથી ગુજરાતમાં જળ સ્થાપત્યોનું નિર્માણ થતું રહ્યું છે આજ પર્યંત સુધી નાના મોટા સ્થાપત્યો આધુનિક શૈલીમાં નિર્માણ પામ્યા છે.જળ સ્થાપત્યો નો ઉપયોગ સમજદારી અને સમાજ જીવનની બાબતો સાથે સંકળાયેલું રહે છે.જળ સ્થાપત્ય એ સંસ્કૃતિ અને પરંપરાનું અભિન્ન અંગ છે અને હમેશા રેહશે.ઘણા જળ સ્થાપત્યો આજે હયાત નથી પરંતુ એની ઉપર નિર્માણ પામેલા સ્થાપત્ય એ અગત્યનું સ્થાન ધરાવે છે.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

આજના સમયમાં પણ ગામડાઓમાં પાણી ની સમસ્યાને હલ કરવા માટે મનરેગા જેવી યોજનઓ દ્વારા પાણી ની સાથે રોજગારીની સમસ્યા ને નિવારી શકાઈ છે. ગુજરાતની જળસ્થાપત્ય સંસ્કૃતિ એ જળનું મહત્વ સમજાવે છે.

## સંદર્ભ સૂચી

1. MajumdarR. C. – The classical accounts of India, Pharma K. L Makhopdphaya, Calcutta 1960
2. Majumdar R. C – The History and culture of the Indian people, volume 1-3 Bhartiy vidhybhavan mumbai
3. भारतीय इतिहास एनसी ई आर टी टेक्स बुक कक्षा 7 और 12 भाग 1,2
4. कला एवं संस्कृति , दृष्टि पब्लिकेशन दिल्ली , द्वीतिय आवृत्ति 2018
5. भारतीय कला का परिचय- राष्ट्रीय शैक्षिक अनुसंधान और प्रशिक्षणपरिषद दिल्ली 2018
6. डॉ रामनाथ –मध्यकालीन भारतीय कलाएं और उनका विकास.
7. પરીખ રસિકલાલા છોટાલાલ શાસ્ત્રી હરીપ્રસાદ "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ" ઈતિહાસ ની પૂર્વ ભૂમિકા ભાગ ૧ , ભો જે વિદ્યાભવન , અમદાવાદ
8. પરમાર જયમલ "આપણી લોક સંસ્કૃતિ ૧૯૮૬
9. "ગુજરાતની સ્થાપત્ય કલા" , માહિતી નિયામક , ગુજરાત રાજ્ય ગાંધીનગર
10. ડૉ પટેલ લલિત એસ,"ગુજરાતનો હેરીટેજ", ૨૦૧૨
11. મજુમદાર એ.કે "ગુજરાતના ચાલ્યુક્યો"